દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
શુક્રવાર ૨૬ જૂન, ૨૦૨૬

# યુરોપની કાળઝાળ ગરમી: કુદરતી અને માનવ સર્જિત પરિબળોનું મિશ્રણ

યુરોપ એકંદરે ઠંડો પ્રદેશ ગણાય છે, પરંતુ હાલ તેના અનેક વિસ્તારો કાળઝાળ ગરમીથી શેકાઇ રહ્યા છે. આ ખંડના કેટલાક ભાગોમાં તાપમાન 46 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. આ ગંભીર પરિસ્થિતિને લીધે મોતના આંકડા વધી રહ્યા છે અને આપત્તિનું જોખમ પણ સતત વધી રહ્યું છે. યુરોપના ૨૬ દેશો સખત ગરમીના મોજાની લપેટમાં આવી ગયા છે અને ફ્રાન્સમાં તો મંગળવારે અત્યાર સુધીના રેકર્ડ પરનો સૌથી ગરમ દિવસ નોંધાયો હતો. તાપમાનમાં આ અચાનક આવેલો ઉછાળો સહારા રણમાંથી ઉત્તર તરફ આગળ વધી રહેલી ગરમ હવાને કારણે છે, જેને ‘આફ્રિકન એન્ટિસાયક્લોન’ તરીકે ઓળખાતી મજબૂત હાઈ-પ્રેશર સિસ્ટમથી વેગ મળી રહ્યો છે. હવામાનશાસ્ત્રીઓનું કહેવું છે કે આ સિસ્ટમ એક ‘હીટ ડોમ’ બનાવી રહી છે, જે પશ્ચિમ અને મધ્ય યુરોપ પર ગરમ હવાને રોકી રાખે છે. ફ્રાન્સમાં, છેલ્લા એકાદ સપ્તાહમાં ગરમીથી રાહત મેળવવાના પ્રયાસો દરમિયાન 40થી વધુ લોકોના ડૂબી જવાથી દુઃખદ મોત થયા છે. ફ્રાન્સે તુલોઝ નજીક આવેલા એક અણુ વિજળી મથકના રિએક્ટરને બંધ કરી દીધું, કારણ કે રિએક્ટરને ઠંડુ કરવા નજીકની નદીમાંથી લેવામાં આવતું પાણી ખૂબ ગરમ થઈ ગયું હતું. તેવી જ રીતે, જર્મનીમાં પણ સ્વિમિંગ દરમિયાન જીવલેણ અકસ્માતોમાં મોટો ઉછાળો આવ્યો છે, જેમાં વીકએન્ડ દરમિયાન પાંચ લોકોના મોત થયા છે. બીજી તરફ, યુકેમાં વાવાઝોડા અને મુશળધાર વરસાદે તરખાટ મચાવ્યો. ફ્રાન્સની મેટીઓ-ફ્રાન્સે જણાવ્યું હતું કે ૧૯૪૭માં તાપમાન માપવાનું શરૂ થયું ત્યારથી મંગળવારનો દિવસ સૌથી ગરમ દિવસ રહ્યો હતો. સોશિયલ મીડિયા પર તેમણે જણાવ્યું કે, પિસોસમાં તો પારો ૪૪.૩ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો હતો. રાત્રિનું તાપમાન પણ ૧૯૪૭ પછીનું સૌથી ગરમ રહ્યું હતું. વિશ્વના સૌથી વધુ મુલાકાત લેવાતા પ્રવાસી આકર્ષણોમાંના બે - એફિલ ટાવર અને લૂવર મ્યુઝિયમે જણાવ્યું હતું કે આ દઝાડતી ગરમીના કારણે તેમને કામકાજના કલાકો ટૂંકાવવાની ફરજ પડી છે.

યુરોપની અતિશય ગરમી એ બંનેનું મિશ્રણ છે; કુદરતી હવામાનની પેટર્ન આ ઘટનાઓની શરૂઆત કરે છે, પરંતુ માનવસર્જિત આબોહવા પરિવર્તન તેને નોંધપાત્ર રીતે વધુ તીવ્ર, વારંવાર અને લાંબી બનાવે છે.હીટ ડોમ્સ અને ઓમેગા બ્લોક્સ એ કુદરતી પરિબળો છે. હીટવેવ સીધી રીતે વાતાવરણીય ઘટનાઓ જેમ કે હીટ ડોમ્સ અથવા ઓમેગા બ્લોક્સને કારણે થાય છે. ઉચ્ચ દબાણ વાળી સિસ્ટમ્સ એક ઢાંકણની જેમ કામ કરે છે, જે ગરમ હવાને કેદ કરે છે અને તેને નીચે તરફ ધકેલે છે, જેનાથી હવામાનને ઠંડુ કરતી સામાન્ય પેટર્ન આગળ વધી શકતી નથી. હવામાનની પ્રણાલીઓ ક્યારેક એવી રીતે બદલાય છે કે જે સહારાના રણમાંથી અત્યંત ગરમ અને સૂકી હવાને સીધી સ્પેન અને પોર્ટુગલ તરફ ખેંચી લાવે છે, જે ઉત્તર તરફ આગળ વધીને મધ્ય અને પશ્ચિમ યુરોપમાં પ્રવેશે છે. જેટ સ્ટ્રીમ–જે ઉચ્ચ ઊંચાઈએ ફૂંકાતા પવનોનો પ્રવાહ છે અને સમગ્ર ખંડમાં હવામાન નક્કી કરે છે–તે વધુ વાંકોચૂંકો અને ખોરવાયેલો બન્યો છે, જેના કારણે ગરમ અને સ્થિર હવા લાંબા અઠવાડિયા સુધી એક જ વિસ્તાર પર ટકી રહે છે. અને આ પ્રાકૃતિક પરિબળોને કારણે સર્જાયેલી સ્થિતિને માનવ સર્જિત પરિબળો વધુ વણસાવે છે. વૈજ્ઞાનિક સર્વસંમતિ પુષ્ટિ કરે છે કે માનવ-પ્રેરિત ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જને આ હવામાનની ઘટનાઓને ભારે પ્રમાણમાં સુપરચાર્જ કરી દીધી છે. આબોહવા પરિવર્તન આ અતિશય ગરમીની ઘટનાઓ બનવાની શક્યતા ઘણી વધારી દે છે અને તેના સર્વોચ્ચ તાપમાનને નોંધપાત્ર રીતે ઊંચું લઈ જાય છે. આબોહવા સંશોધકોના જણાવ્યા અનુસાર, યુરોપ પૃથ્વી પરના અન્ય કોઈપણ ખંડ કરતાં વધુ ઝડપથી ગરમ થઈ રહ્યું છે.

માનવ પ્રવૃત્તિઓને કારણે સામાન્ય તાપમાનમાં થયેલો વધારો, જે કદાચ માત્ર એક અસ્વસ્થ ઉનાળો સાબિત થઈ શકત, તેને જીવલેણ અને તમામ રેકોર્ડ તોડતી કટોકટીમાં બદલી નાખે છે. આ સ્થિતિ ભયાનક દાવાનળ અને શહેરોમાં જોખમી હીટ સ્ટ્રેસને ઉત્તેજન આપે છે. સ્પષ્ટ છે કે હાલનું યુરોપનું ગરમીનું મોજું માત્ર કુદરતી નથી કે માત્ર માનવસર્જિત નથી. કુદરતી ભૌગોલિક ઘટનાઓ આ ગરમીની શરૂઆત કરે છે, પરંતુ માનવસર્જિત પ્રદૂષણ અને ગ્રીનહાઉસ ગેસ તેને વધુ ઘાતક અને લાંબી બનાવે છે. જેટ સ્ટ્રીમનું વાંકાચૂંકા થવું એ દર્શાવે છે કે ગ્લોબલ વોર્મિંગના કારણે પૃથ્વીની કુદરતી વિન્ડ સિસ્ટમ ખોરવાઈ ગઈ છે. ગરમ હવા એક જ જગ્યાએ અટકી જવી (ઓમેગા બ્લોક) એ કુદરતી સંતુલન બગડવાનો સંકેત છે. નોંધપાત્ર બાબત એ છે કે યુરોપ અન્ય ખંડોની સરખામણીએ સૌથી ઝડપથી ગરમ થઈ રહ્યું છે. આ ભૌગોલિક ચિંતાનો વિષય છે કારણ કે યુરોપના ઘણા દેશો પરંપરાગત રીતે ઠંડા હવામાન માટે જાણીતા છે અને ત્યાં આટલી અતિશય ગરમીનો સામનો કરવાની માળખાગત સુવિધાઓ નથી અને ગરમી સામે લોકોની સહન શક્તિ પણ ઓછી છે. યુરોપના અનેક ઉત્તરીય વિસ્તારોમાં પર્વતો પરનો બરફ પીગળવાની સમસ્યા પણ વધી છે. વધુ પડતા વાહનો શહેરોમાં સ્થિતિ વધુ બગાડે છે. માત્ર યુરોપ જ નહીં, વિશ્વના તમામ ખંડો અને દેશોએ પૃથ્વીના વધતા જતા તાપમાનની સમસ્યા અંગે ગંભીરતાથી વિચારવાની જરૂર છે, જે ગ્લોબલ વોર્મિંગ કુદરતી ગરમીને અસહ્ય, તીવ્ર અને ઘાતક બનાવી રહ્યું છે.

## રાખો ભરોસો ભગવાન પર



એક નાનકડી ચકલીએ નાનાં નાનાં તણખલાં, ઘાસ, ડાળીઓ વગેરે શોધીને, એક એક ચાંચમાં લાવીને ખૂબ મહેનત કરીને માળો બાંધ્યો, બસ તે માળામાં ઈંડા મૂકવાની જ હતી પણ તે ઈંડાં મૂકે તે પહેલાં અચાનક બહુ મોટું તોફાન આવ્યું અને ગાજવીજ સાથે કમોસમી વરસાદ પડ્યો...અને આ તોફાનમાં ચકલીએ બનાવેલો નાનકડો માળો તૂટી ગયો. ચકલી રડવા લાગી.

**ચાર્જિંગ પોઈન્ટ**
**હેતા ભૂષણ**

નાનકડી ચકલીએ મોટે અવાજે ભગવાનને ફરિયાદ કરી કે ‘‘પ્રભુ, મેં તમારું શું બગાડ્યું હતું કે હજી હું માળામાં ઈંડા મૂકું તે પહેલાં તમે આ તોફાન અને કમોસમી વરસાદ મોકલી મારો બહુ મહેનતે બનાવેલો માળો જ વિખેરી નાખ્યો. હવે હું શું કરીશ? ઈંડાં કયાં મૂકીશ?’’

ચકલી આંખોમાં આંસુ સાથે મોટે મોટેથી આ ફરિયાદ કરી રહી હતી ત્યારે ઝાડ પર બેઠેલા વાંદરાએ કહ્યું, ‘‘એ ચકલી, શું કામ રડે છે? શું કામ ભગવાનને ફરિયાદ કરે છે? જે થયું તે સારા માટે થયું છે, તને ખબર નથી પણ આ બાજુના ઝાડની નીચેની બખોલમાં એક સાપ રહે છે. તું જો આ ઝાડ પર બાંધેલા માળામાં ઈંડાં મૂક્ત તો તે સાપ તારાં ઈંડા ખાઈ જાત અને કદાચ તને પણ ખાઈ જાત સમજી.....એટલે ભગવાન જે કરે છે તે સારા માટે કરે છે.’’ વાંદરાની આ વાત સાંભળી ચકલી ચૂપ થઈ ગઈ અને ભગવાનનો ખૂબ ખૂબ આભાર માંગવા લાગી.

આ વાત સમજાવે છે કે આપણા જીવનમાં મુશ્કેલીઓ આવે છે ત્યારે આપણે ડરીએ છીએ ,રડીએ છીએ નસીબને અને ભગવાને દોષ આપીએ છીએ પણ ત્યારે આપણને ખબર પણ નથી હોતી કે હકીકતમાં ભગવાન નાની મુશ્કેલીઓ આપીને આપણને બીજી આવનારી ઘણી મોટી મુશ્કેલીઓથી બચાવતો હોય છે.

હંમેશા યાદ રાખજો કે જયારે જયારે આપણને જીવનમાં એમ લાગે કે ભગવાન આપણને જીવનમાં બહુ કષ્ટ આપી રહ્યો છે ત્યારે હિંમત નહિ હારતાં, ફરિયાદ નહિ કરતાં, દરેક સ્થિતિનો સ્વીકાર કરજો, ભગવાન પર ભરોસો રાખી આગળ વધજો કે ભલે, આજે ભગવાને આપણને આ મુશ્કેલી આપી છે પણ તેમાંથી પાર પણ તેઓ જ ઊતારશે. જીવનમાં દરેક કપરી પરિસ્થિતિમાં ભગવાન આપણને હાથ ઝાલીને અને ક્યારેક તો હાથોમાં ઉપાડીને કપરી મુશ્કેલીઓથી પાર ઊતારે જ છે.

# પ્રેક્ષકોની સીટી, તાળીઓ વચ્ચે સ્ત્રીની સંમતિનો સવાલ

એક દૃશ્યની કલ્પના કરો. રાતનો સમય છે. ચારે બાજુ અંધારું છે. વીજળી જતી રહી છે. ગામની એક એકાંત જગ્યાએ એક પુરુષ એક મહિલાને તેની મંજૂરી વિના ચુંબન કરે છે અને લાચારીમાં મહિલા રડી રહી છે.

તમારી શું પ્રતિક્રિયા હોય? તમે એને શારીરિક સતામણી કહેશો? બળાત્કાર તરફનું પહેલું પગલું ગણશો? જો જવાબ ‘હા’ હોય તો તમને ગુસ્સો આવશે અને તમે એનો વિરોધ કરશો. નજીક હશો તો મહિલાને છોડાવવાનો પ્રયત્ન પણ કરશો...શક્ય હશે તો પોલીસને ફરિયાદ પણ કરશો.

હવે હું તમને કહું કે આ એક ફિલ્મનું દૃશ્ય છે. તમારી સામે પડદા પર ચાલી રહેલા આ દૃશ્યમાંનો પુરુષ નાયક છે અને એ મહિલા નાયિકા હવે તમારી પ્રતિક્રિયા શું હશે? બેકગ્રાઉન્ડમાં રોમેન્ટિક સંગીત વાગી રહ્યું હશે તો આ જ દૃશ્ય પર ઘૃણા થવાને બદલે તમને એ કદાચ પ્રણય દૃશ્ય જેવું લાગશે અને તમારા ચહેરા પર કદાચ એક સ્મિત પણ આવી જશે. શક્ય છે થીયેટરમાં તમારી આજુબાજુનાં દર્શકોમાંથી કોઈ તાળી પાડે, સીટી વગાડે અને કિલકારી પણ કરે દસ-પંદર મિનિટ વાર્તા આગળ વધે પછી આ જ નાયિકા એના પર જબરદસ્તી કરનાર નાયકના પ્રેમનો સ્વીકાર પણ કરશે ત્યારે બધું યોગ્ય લાગશે.

કશું વાંધાજનક નહિ રહે. જે ઘટના બિલકુલ અસ્વીકાર્ય હોવી જોઈએ તે સામાન્ય બની ગઈ, સ્વીકાર્ય બની ગઈ અને મનોરંજક બની ગઈ! એવી ભ્રમણા ઊભી કરી ગઈ કે જાણે સ્ત્રીઓને આવી આક્રમકતા પસંદ હોય છે!

આ દૃશ્ય જૂનમાં રીલીઝ થયેલી રામચરણ અને જાહ્નવી કપૂરની તેલુગુ ફિલ્મ ‘પેડ્ડી’નું છે જેને લઈને મીડિયા/ સોશ્યલ મીડિયા પર ખૂબ વિવાદ થયો. બે અઠવાડિયામાં ૪૦૦ કરોડની કમાણી કરી ચૂકેલી આ ફિલ્મમાં દર્શકોનાં એક વર્ગે સીટી વગાડી અને એક વર્ગે એની ભારે ટીકા કરી. કહેવા માટે

## કહેવાની વાત

**નેહા શાહ**

> **જે ઘટના બિલકુલ અસ્વીકાર્ય હોવી જોઈએ તે સામાન્ય બની ગઈ, સ્વીકાર્ય બની ગઈ અને મનોરંજક બની ગઈ! એવી ભ્રમણા ઊભી કરી ગઈ કે જાણે સ્ત્રીઓને આવી આક્રમકતા પસંદ હોય છે!**

તો ફિલ્મની વાર્તા કાલ્પનિક હોય પણ આ કલ્પનાની દુનિયા સામાજિક મૂલ્યોને ઘડવામાં પણ અગત્યની ભૂમિકા ભજવે છે. તાજેતરનું જ ઉદાહરણ લઈએ. વર્ષોથી સ્થપાયેલાં આવાં જ મૂલ્યો સાથે મોટી થયેલી પેઢી પૈકીમાંના કોઈક ૨૩ વર્ષીય યુવાન હિમાંશુ જાંગડને લાગ્યું કે જો એણે તેની મહિલા સાથીને બિરયાની ખવડાવવા ૩૭૦ રૂપિયાનો ખર્ચ કર્યો હોય તો એને ‘વસુલવા’ એ શારીરિક છૂટછાટ લઈ શકે છે. જેનો શો હતો તે પ્રણિત મોરે પ્રસંગનું વિગતવાર વર્ણન કરવા ઉકસાવે. આખા પ્રસંગનું શબ્દશઃ વર્ણન કરે ત્યારે ત્યાં બેઠેલાં સો જેટલાં પ્રેક્ષકોમાંથી કોઈ વાંધો તો ના જ લે પણ એથી વિપરીત અને પ્રેક્ષકોમાં ખડખડાટ હાસ્યનું મોજું ફેલાઈ જાય. જે ‘પેડ્ડી’ જેવી અનેક ફિલ્મમાં એક કલ્પના તરીકે રજૂ થયું, તેવું જ કાંઈક ૨૩ વર્ષીય યુવાને પોતાની સાથી સાથે કર્યું અને તેના સહ-પ્રેક્ષકોને તે યોગ્ય લાગ્યું. તો આવી ઘટનાનું પુનરાવર્તન આપણી શેરીમાં નહિ થાય એવું કેવી રીતે કહી શકાય? સ્ત્રીની ઈચ્છા / સંમતિની અવગણનાને મનોરંજક રીતે રજૂ કરતી ફિલ્મો બળાત્કારની સંસ્કૃતિને જ ટેકો કરે છે.

મનોરંજનનાં માધ્યમોમાં સ્ત્રી પાત્રોને માત્ર સેક્સ સિમ્બોલ તરીકે રજૂ કરવાનું નવું નથી. ભારતીય સિનેમાએ સ્ત્રી શરીરને કામુક રીતે રજૂ કરી વ્યાપારી સાધન તરીકે ઉપયોગમાં લીધું છે. ટૂંકાં વસ્ત્રો પહેરેલી કે વરસાદ કે ધોધના પાણીમાં ભીંજાયેલી નાયિકાનાં લાંબાં દૃશ્યો બોક્સ ઓફીસ પર કમાણી કરાવી આપે છે. નાયિકાઓનું કામ માત્ર આકર્ષક ગીતો પર નૃત્ય કરવાનું, ગ્લેમર ઉમેરવાનું અને નાયકની પ્રેમિકા તરીકે હાજર રહેવાનું જ હોય છે - વાર્તાને આગળ ધપાવતાં સક્રિય પાત્રનું નહીં! બ્રિટીશ કલાવિવેચક જ્હોન બર્ગર કહે છે તેમ “પુરુષો સ્ત્રીઓને જુએ છે અને સ્ત્રીઓ પોતાને જોવાતી હોવાની પ્રક્રિયા નિહાળે છે” એટલે કે આવી પ્રચલિત રજૂઆત દ્વારા માત્ર સ્ત્રી અને પુરુષ વચ્ચેના સંબંધ નક્કી નથી થતાં પણ સ્ત્રીઓના પોતાની સાથેના સંબંધ પણ નક્કી થાય છે. સ્ત્રી પણ પોતાને પુરુષોની નજરથી પોતાને જોવાનું શીખી જાય છે. પરિણામે તે પોતાને જોવાપાત્ર વસ્તુ હોય તેમ આંકતી રહે છે. આજે જ્યારે ક્વીન, રાઝી, થપ્પડ, અને ધ ગ્રેટ ઈન્ડિયન કિચન જેવી સ્ત્રીઓના અનુભવો અને સ્વાયત્તતાને કેન્દ્રમાં રાખતી ફિલ્મો પણ બોક્સ ઓફીસ પર કમાણી કરાવી શકે છે ત્યારે મુખ્ય ધારાની ફિલ્મો હજુ પણ જૂનાં અને પિતૃસત્તાક મૂલ્યો તરફ પાછી વળતી રહે છે. ‘પેડ્ડી’ના દિગ્દર્શક બુચી બાબુ સાનાએ માફી માગી અને વિવાદાસ્પદ દૃશ્યોમાં ફેરફાર કરી લીધા છે. સ્ટેન્ડ અપ કોમેડિયન પ્રણિત મોરે અને ૩૭૦ રૂપિયા વસુલવાની માનસિકતા રાખનાર એનો પ્રેક્ષક હિમાંશુ સામે મહિલા આયોગે નોંધ લીધી છે અને યોગ્ય કાર્યવાહી શરૂ થઈ છે. પણ, જો સોશ્યલ મીડિયામાં જાગૃત નાગરિકોએ ઉહાપોહ ના મચાવ્યો હોત તો શું આ કાર્યવાહી થઈ હોત? મૂળ સવાલ તો એ જ ઊભો રહે છે કે મુખ્ય ધારાની ફિલ્મોમાં આજે પણ સ્ત્રીના શરીરનું તેના પાત્ર કરતા મહત્ત્વ કેમ વધી જાય છે? ત્યારે ફિલ્મનિર્માતા, દિગ્દર્શકો અને કલાકારોની શું જવાબદારી બને છે?

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ડિઝિટલાઈઝેશનના નામે દેશ અને રાજ્યમાં સૉફ્ટવેરનો ધંધો થઈ રહ્યો છે?

વસ્તુ કે વ્યવસ્થામાં શોધ ગમે તેટલી સરસ હોય પણ તેના લાભ અને ગેરલાભ તો તેના ઉપયોગ આધીન જ હોય છે. આનું એક ઉદાહરણ હતું સોનોગ્રાફી મશીન. આ મશીન શોધાયું હતું માનવશરીરની અંદર કોઈ રોગ હોય, અકુદરતી હોય તેની જાણકારી મેળવવા પણ ભારતમાં તેનો ઉપયોગ

ગર્ભમાં રહેલા બાળકની જાતિ જાણવા થયો એટલું જ નહિ ગર્ભપાતની ટેકનોલોજી પણ સ્ત્રી ગર્ભનો નાશ કરવા માટે ઉપયોગમાં લેવાઈ. હવે આ જ વાત સાયન્સ અને ટેકનોલોજીની બાબતમાં પણ સાબિત થાય છે. આધુનિક ટેકનોલોજી આશીર્વાદ સમાન બનવાને બદલે પ્રજા માટે ત્રાસરૂપ થતી જાય છે.

ગુજરાતમાં અને દેશમાં અત્યારે સરકારી અધિકારીઓને આધુનિકતાના નામે સોફ્ટવેરના ઉપયોગનું ઘેલું લાગ્યું છે. હવે પહેલાં જેવા નેતાઓ રહ્યા નથી જે અધિકારીઓના પ્લાનમાં સામાન્ય માણસને પડનારી તકલીફો સમજે અને અધિકારીઓના પ્લાનમાં પૂરક પ્રશ્નો કરે. એટલે શાસનમાં તો અધિકારીઓનો જ સિક્કો ચાલે છે.

એમાંય ખાનગીકરણ અને ઉદારીકરણ પછી સૌને આધુનિક બનવાનું ઘેલું લાગ્યું છે અને આધુનિકીકરણનો આખો ભાર આવ્યો છે મોબાઈલ એપ પર.

કોઈ પણ વાત હોય, મોબાઈલ એપ ડાઉનલોડ કરો. વળી સરકારનાં જુદાં જુદાં ખાતાં પણ પોતાની એપ બનાવે છે જે કર્મચારીઓ અને નાગરિકોએ ડાઉનલોડ કરવાની હોય છે. વાહનવ્યવહાર કચેરીની એપ, મ્યુનિસિપાલિટીની એપ, યુનિવર્સિટીની એપ, સ્કૂલની એપ, આવું જ હવે સરકારી યોજનાઓમાં કાર્ડનું થયું છે. આધાર કાર્ડ ,પાન કાર્ડ, રેશનકાર્ડ,આયુષ્યમાન કાર્ડ, એ પહેલામાં કાર્ડ, હવે આ બધામાં પાછું કે. વાય. સી. અને પછી પ્રજા લાગે ધંધે. જે તે સમયે આધારકાર્ડ, પાનકાર્ડ બનાવવાના ઉત્સાહમાં સૌના કાર્ડ ફટાફટ બનાવાયા અને જુદી જુદી એજન્સી દ્વારા બનાવાયા.

હવે એમ સ્પેલિંગ ભૂલ અને ક્યાંક ભારતીય સમાજવ્યવસ્થાને કારણે સર્જાયા ગોટાળા, જેમકે બાપના નામ રમણભાઈ હોય અને દીકરાનું નામ લખાયું તેમાં રમણકુમાર. હવે બાપ દીકરાના આધાર મેચ નથી થતા તો સુધરાવો!

છેલ્લા સમયથી ગુજરાતમાં સામાન્ય પ્રજા આ કે. વાય. સી. માટે જ રઝળપાટ કરી રહી છે ના આપની ચેનલો ના આપના પ્રજાના પ્રતિનિધિઓ. કોઈ આ વાતે સરકાર કે સત્તાવાળાનું ધ્યાન દોરતા નથી. હવે ધ્યાનથી જુવો તો સમગ્ર

## રાજ કાજ ગુજરાત

**કાર્તિકેય ભટ્ટ**

> **હવે પહેલાં જેવા નેતાઓ રહ્યા નથી જે અધિકારીઓના પ્લાનમાં સામાન્ય માણસને પડનારી તકલીફો સમજે અને અધિકારીઓના પ્લાનમાં પૂરક પ્રશ્નો કરે. એટલે શાસનમાં તો અધિકારીઓનો જ સિક્કો ચાલે છે**

આધુનિક ટેકનોલોજી અને નેટ આધારિત કાર્યક્રમ માટે સરકારે સોફ્ટવેર કંપનીઓ ભાડે જ લેવી પડે એટલે કોઈ પણ સોફ્ટવેર વાપરો તેનો ખર્ચ એ ખાનગી સોફ્ટવેર કંપનીના ધંધાની આવક છે. હવે લાગે છે કેટલાક અધિકારીઓ પોતાના ઓળખીતા પારખીતાની સોફ્ટવેર વેચાય એ માટે સરકારના વિવિધ પ્રોગ્રામોમાં જરૂર હોય કે ના હોય તેનો ફરજીયાત ઉપયોગ કરવાના નિયમો બનાવે છે અને પોતાનો ધંધો ચાલે તે માટે પ્રજાને ધંધે લગાડે છે. એપ્લીકેશન જેટલી ડાઉનલોડ થાય અને જેટલી વપરાય તેટલો કંપનીને ફાયદો જ થાય અને સાથે સાથે નાગરિકોના ડેટા ભેગા થાય તેનો પાછો અલગ વેપાર થાય.

આ સરકાર આવી ત્યારે સુશાસન અને ભ્રષ્ટાચાર નાબુદીની વાત કરતી હતી. હવે સુશાસન તો દૂર રહ્યું, ક્યાંય શાસન જેવું જ વર્તાતું નથી. સ્માર્ત મોબાઈલના જમાનામાં ભ્રષ્ટાચાર પણ સ્માર્ત થયો છે અને નેતાઓને આમાં ખબર પડે તેવી શક્યતા નહીંવત્ છે એટલે મોબાઈલ ખરીદતાં જાવ,જુદી જુદી એપ ડાઉનલોડ કરતા જાવ અને દર વર્ષે કે. વાય. સી. કરતા જાવ. પછી સમય મળે તો તમારી રોજી રોટી વિષે વિચારો અને જીવનના બે છેડા ભેગા કરવામાંથી પરવારો તો દેશનું વિચારજો.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## સોનાની મુરત જેવું શહેર સુરત

ગુજરાતનું આર્થિક પાટનગર ગણાતું સુરત માત્ર વેપાર-ધંધા માટે જ નહીં, પણ પોતાની આગવી સુંદરતા, સંસ્કૃતિ અને મોજીલી જીવનશૈલી માટે પણ જાણીતું છે. તાપી નદીના મનોહર કિનારે વસેલું આ શહેર આધુનિકતા અને ઈતિહાસનો એક અદભુત સંગમ છે. સુરતની સુંદરતા તેના વૈવિધ્યમાં છે. એક તરફ ‘ડાયમંડ સિટી’ અને ‘ટેક્સટાઈલ હબ’ તરીકે ઝળહળતી ઊંચી ઈમારતો છે, તો બીજી તરફ ડુમસનો શાંત દરિયાકિનારો અને ગોપી તળાવ જેવી ઐતિહાસિક ધરોહર મનને શાંતિ આપે છે. સુરતનો ભવ્ય કિલ્લો શહેરના સમૃદ્ધ ભૂતકાળની સાક્ષી પૂરે છે. સાંજના સમયે તાપી નદી પર બનેલા આધુનિક કેબલ-સ્ટેડ બ્રિજની રોશની શહેરની સુંદરતામાં ચાર ચાંદ લગાવી દે છે.સુરતની સુંદરતા અહીંના લોકો વિના અધૂરી છે. ‘સુરતી લાલા’ તરીકે ઓળખાતા અહીંના લોકો ખૂબ જ જીવંત, પ્રેમાળ અને ખાણીપીણીના શોખીન છે. લોચો, ઊંધિયું, ઘારી અને પોંક જેવી વાનગીઓની સુગંધ સુરતની હવામાં ઓગળેલી છે. સ્વચ્છતા અને સુંદર બગીચાઓથી ઘેરાયેલું સુરત સાચે જ ‘સોનાની મુરત’ છે, જ્યાં દરેક પળ ઉત્સવ જેવી લાગે છે.

**સુરત - સુરેશ એમ. પરમાર**

## સંગીતકાર મદનમોહન

એકાંતમાં ગણગણવા ગમે એવા એક એકથી ચડિયાતા ગીતો અને ગઝલોને સંગીતબધ્ધ કરનાર,મહાન ગાયિકા લતા મંગેશકરના પ્રિય 10માંથી 4 ગીતોના સંગીતકાર અને ગાયક મદનમોહનનો જન્મ 25/6/1924ના રોજ થયો હતો. પ્રારંભિક શિક્ષણ લાહોર અને દહેરાદૂનમાં મેળવ્યા પછી ઉચ્ચ શિક્ષણ મુંબઈમાં મેળવીને લશ્કરમાં જોડાયા હતા.1946માં તેઓ ઓલ ઈન્ડિયા રેડિયોમાં જોડાયા હતા. લખનૌ અને દિલ્હીમાં તેમણે ગાયેલી ગઝલોના બે આલ્બમ બહાર પાડ્યા હતા. મુંબઈમાં તેઓ એસ.ડી.બર્મનના સહાયક હતા. તેમના શ્રેષ્ઠ સર્જનો 1950 - 1960 અને 70ના દાયકામાં આવ્યા હતા.એ સમયના તમામ લોકપ્રિય ગાયકો લતા મંગેશકર,મહમદ રફી,તલત મેહમૂદ અને આશા ભોંસલેના ગીતોને તેમણે સંગીતબધ્ધ કર્યા હતા. ગીતકારો રાજા મહેંદી અલી ખાન,કૈફી આઝમી,રાજેન્દ્ર ક્રીશ્ન,મજરૂહ,સાહિર વગેરેના ગીતો તેમણે લયબધ્ધ કર્યા હતા.ફિલ્મ હકીકતમાં તેમણે એ સમયના ચાર ટોચના ગાયકો રફી,તલત,મન્ના ડે અને ભૂપિન્દર પાસે ગવડાવ્યું હતુ.દસ્તક ફિલ્મના સંગીત માટે નેશનલ એવોર્ડ મેળવનાર આ પ્રતિભાશાળી સંગીતકારનું અવસાન 14/7/1975ના રોજ 51વર્ષની ઉંમરે થયુ હતુ. 2005નો આઈફા એવોર્ડ વીર ઝારાના સંગીત માટે મરણોપરાંત તેમને મળ્યો હતો.

**સુરત - સુરેન્દ્ર દલાલ**

## ગુજરાતમાં જળ વ્યવસ્થાપનની સમસ્યા

ગુજરાત આજે દેશના અગ્રણી ઔદ્યોગિક રાજ્યોમાં સ્થાન ધરાવે છે, પરંતુ તેની પાછળ એક ગંભીર અને સળગતી સમસ્યા છુપાયેલી છે–જળ સંકટ ભૌગોલિક દ્રષ્ટિએ જોતાં, રાજ્યનો મોટો હિસ્સો સૂકો અથવા અર્ધ-સૂકો છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના વિસ્તારો દર વર્ષે પીવાના અને સિંચાઈના પાણીની તીવ્ર અછતનો સામનો કરે છે. ઔદ્યોગિકરણ અને શહેરીકરણના ઝડપી વિકાસને કારણે પાણીની માંગમાં અભૂતપૂર્વ વધારો થયો છે. બીજી તરફ, અપૂરતો વરસાદ અને ભૂગર્ભ જળનો આડેધડ વપરાશ ચિંતાજનક છે. ઘણા વિસ્તારોમાં બોરવેલ ઊંડા થવાને કારણે પાણીના સ્તર સતત નીચે જઈ રહ્યા છે, જેના લીધે પાણીમાં ફ્લોરાઈડ અને ક્ષારનું પ્રમાણ વધ્યું છે. આ દૂષિત પાણી લોકોના સ્વાસ્થ્ય માટે મોટો ખતરો બની રહ્યું છે. નર્મદા યોજના અને ‘સુજલામ સુફલામ’ જેવા સરકારી પ્રયાસોથી અમુક અંશે રાહત થઈ છે, પરંતુ સમસ્યાનો કાયમી ઉકેલ હજુ દૂર છે. આ સંકટમાંથી ઉગરવા માટે વોટર હાર્વેસ્ટિંગ, ટપક સિંચાઈ પદ્ધતિનો વ્યાપક ઉપયોગ અને પાણીના વિવેકપૂર્ણ વપરાશ અંગે જનજાગૃતિ અત્યંત અનિવાર્ય છે. જો આજે પાણી બચાવવામાં નહીં આવે, તો આવતીકાલનું ભવિષ્ય ધૂંધળું બની શકે છે.

**સુરત - નિમાવત મોહિત**

## મારી શાળા

ભણતરના વિધ્યાર્થી જીવન દરમિયાન ગુજરાતી વિષયના પેપરમાં મારી શાળા પર નિબંધ વાચ્યો અને લખ્યો જ હશે. પરંતુ વાસ્તવિક જીવનમાં શાળા અને કોલેજ જીવન પુરુ કર્યા પછી એક વિધ્યાર્થી જીવનનો પુવર્ણ સમય જ્યા જીવ્યા હતા તે શાળાને અચૂક યાદ રાખવી જ જોઈએ આજે હું પણ મારી શાળા જે 6 થી 7 દાયકા જૂની એવી મીડલ સ્કૂલ ગોપીપરા જે આજે પણ એટલીજ પ્રચલીત અને લોકપ્રિય છે જ્યા મારા શિક્ષણ અને સંસ્કારનું ઘડતર થયુ હતું. જે શાળા મા મે અમૂલ્ય એવા પાંચ વર્ષઅભ્યાસ કર્યો હતો પરંતુ આજે પણ એ સમય દરમિયાનનાં નિષ્ઠાપામ શિક્ષકો મારી સ્મૃતિ માં અકબંધ છે. આજે પણ હું મારી શાળા પાસેથી પસાર થાવ છુ ત્યારે મારા મિત્રો સાથે માળેલી યાદગાર ક્ષણો ફરી જીવી લેવાનુ સોભાગ્ય ચૂકતો નથી. દરેક વ્યકતિએ પોતાની શાળાને કદી પણ ભૂલવી જોઈએ નહી.

**સુરત - રાજુ રાવલ,**

## સુરતની ટ્રાફિક સમસ્યા

સુરત ઝડપથી વિકસતું હીરા અને ટેક્સટાઈલ ઉદ્યોગનું મોટું કેન્દ્ર છે, પરંતુ તેની સાથે અહીં **ટ્રાફિકની સમસ્યા** પણ ગંભીર બની રહી છે. શહેરમાં વાહનોની વધતી સંખ્યા અને સાંકડા રસ્તાઓ આ સમસ્યાનું મુખ્ય કારણ છે. ખાસ કરીને પીક અવર્સ (સવાર અને સાંજ) દરમિયાન વરાછા, કતારગામ અને રિંગ રોડ જેવા વિસ્તારોમાં વાહનોની લાંબી કતારો જોવા મળે છે. ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન અને આડેધડ પાર્કિંગ આ સમસ્યાને વધુ વણસે છે. જો કે, સુરત મહાનગરપાલિકા દ્વારા બ્રિજ સેલ, મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ અને ટ્રાફિક સિગ્નલ અપગ્રેડેશન જેવા સરાહનીય પગલાં લેવામાં આવી રહ્યા છે, જે ભવિષ્યમાં રાહત આપશે.

**સુરત -ડોડિયા જયદીપ**

## ભૂવા - તાંત્રિકોથી બચીને રહીએ

22મી જૂનના ‘ગુજરાતમિત્ર’ના અંતિમપૃષ્ઠના અહેવાલ વાંચ્યા બાદ પ્રશ્ન ઉપસ્થિત થાય કે, ત્રણ સંતાનો તો પિતા ભૂવાએ પ્રસાદમાં ઘેન આપી પરિણીતા પર દુષ્કર્મ આચર્યુ! ભૂવાએ સંપૂર્ણપણે ધૃણાસ્પદ કાર્ય કર્યુ જ છે એમાં બેમત નથી! પણ એક વર્ષ સુધી એ બહેનનું શોષણ કરી બ્લેકમેલ કરતો હતો તો એક વર્ષ સુધીએ બહેનની હિંમત કેમ ન ચાલી? વારંવાર હોટલમાં બોલાવે અને અયોગ્ય વિડિયો ઉતારે તો એ બહેનને ખ્યાલ તો આવવો જ જોઈએ ને? કોઈ પણ સમસ્યા હોય તો એનો નિકાલ લાવવા આ માર્ગ તો ન જ અપનાવાય ને? શારિરીક સમસ્યા હોય તો તબીબનો સંપર્ક સાંધી શકાય, માનસિક સમસ્યા હોય તો મનોચિકિત્સકની મદદ લઈ શકાય. વિ. અનેક સમસ્યાનો હલ વર્તમાન સમયમાં યોગ્ય વ્યક્તિ જે શિક્ષિત હોય એની પાસે હલ કરાવી સકાય. પણ આવા નરાધમ ભૂવા - તાંત્રિક પાસે શા માટે જવું જોઈએ? વારંવાર અખબારી આલમ વાંચકોને ચેતવે છે, તો પણ આંખ નથી ખૂલતી? એપ્રિલ 2025થી આજદીન સુધીએ ભૂવો ગેરલાભ લેતો રહ્યો અને છેક હમણાં ફરિયાદ થઈ! જે અયોગ્ય જ કહેવાય. આવા કિસ્સા પ્રકાશમાં આવે પછી અન્ય બહેનોએ પણ સ્વયંની વિચારશક્તિથી ભૂવા - તાંત્રિકોથી બચવું જ જોઈએ. વૈજ્ઞાનિક અભિગમ અપનાવવો જ રહ્યો

**સુરત - નેહા શાહ**